# અમદાવાદમાં ક્વીક હીલ ફાઉન્ડેશનના કલાકારો દ્વારા સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિ નાટક ભજવાયું



(ગુજરાત વૃત્તાંત ન્યુઝ નેટવર્ક) વાપી (રવિવાર) : ગુજરાત પોલીસ અને અમદાવાદ પોલીસ કમિશ્નોરેટના સાયબર ક્રાઈમ સેલ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવા ક્વીક હીલ ફાઉન્ડેશનના કલાકારો દ્વારા વિવિધ વિસ્તારોમાં જાગૃતિ નાટક ભજવવામાં આવી રહ્યા છે.

ક્વીક હીલ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદના નરોડા, નવરંગપુરા, નિકોલ, બાપુનગર, શહેર કોટડા, કારંજ, કાગડા પીઠ, ગાયકવાડ હવેલી, શાહીબાગ, પાલડી, સરદાર નગર, ઓઢવ અને રખીયાલ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવેલી શાળા-કોલેજો અને હોસ્ટેલોમાં જાહેર સ્થળ ઉપર ક્વીક હીલ ફાઉન્ડેશનના કલાકારો દ્વારા 'સમજો તો સારુ' નાટક ભજવી મોબાઈલ યુઝર્સને વિવિધ રીતે થતી છેતરપિંડી અને સાયબર ગૂના અંગે લોકોને કેવી રીતે લલચાવવામાં આવે છે અને નાણાં પડાવી લેવામાં આવે છે તે બાબતે જનજાગૃતિ પ્રચાર અંગે નાટક ભજવવામાં આવી રહ્યા છે. ક્વીક હીલ ફાઉન્ડેશનના કલાકારો દ્વારા જન સામાન્યને સમજાય તેવી ભાષામાં નાટક દ્વારા જાગૃતિ લાવતાં તેની વ્યાપક અસર દેખાઈ રહી છે.